ક્રમાંકઃ ગુજકા/CST/૬/સી ફોર્મ/૨૦૦૯-૧૦/જા.**૭૭/૬૯**

વાણિજ્યિક વેરા કમિશનરની કચેરી
ગુજરાત રાજય,
સી-૨, વાણિજ્યિક વેરા ભવન,
આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦૦૦૯
તારીખઃ ૨૯/૦૫/૨૦૦૯

# જા હે ર  પ રિ પ ત્ર

વિષયઃ કેન્દ્રીય કાયદા અન્વયે વૈધાનિક ફોર્મ આપવા બાબત.
સંદર્ભઃ અત્રેના પરિપત્ર
(૧) ગુજકા/વેટ/૮૮/૨૦૦૮-૦૯/જા.૬૧ /૫૫ તા.૧.૧૧.૨૦૦૮
(૨) ગુજકા/વેટ/૬/૨૦૦૮-૦૯/જા.૬૫/૫૯ તા.૧૯.૧૨.૨૦૦૮
(૩) ગુજકા/વેટ/CST/૬/૨૦૦૮-૦૯/જા.૭૨/૬૫ તા.૧૩.૩.૨૦૦૯

૧. સંદર્ભ હેઠળના પરિપત્રોથી કેન્દ્રીય વેચાણવેરા કાયદા હેઠળ વૈધાનિક ફોર્મ આપવા અંગેની સૂચનાઓ આપવામાં આવેલી છે, પરિપત્ર-૧ થી વ્યાપારીઓને ફોર્મ મેળવવા માટેની વ્યવસ્થા નકકી કરવામાં આવેલ છે. જયારે પરિપત્ર-૨ થી તે વ્યવસ્થામાં સુધારા-વધારા તથા સ્પષ્ટીકરણ આપવામાં આવેલ છે. પરિપત્ર-૩ થી ફોર્મ ઇસ્યુ કર્યા પછી તેમાં ભુલ જણાઇ હોય તો ભુલ સુધારી નવેસરથી ફોર્મ ઇસ્યુ કરવા માટેની સૂચનાઓ આપવામાં આવેલ છે.

૨. વેપારીઓ તેમજ ટેક્ષ પ્રેકટીશનર્સ તરફથી એવી રજુઆત મળેલ છે કે કેન્દ્રીય વેચાણવેરા કાયદા હેઠળ ફોર્મ ઇસ્યુ કરવાની સમગ્ર વ્યવસ્થા નવતર હોઇ વેપારીઓ દ્વારા તેમના રેકર્ડ તેમજ એકાઉન્ટીંગ પદ્ધતિમાં સુધારો કરવાનો થાય છે. આ ફેરફારોના કારણે અથવા ભૂલના કારણે અમુક વેચાણ / ખરીદના વ્યવહારો રીટર્નમાં દર્શાવવાના રહી જવા પામે છે. આવા છુટી ગયેલ કે રહી ગયેલ વ્યવહારો માટે પણ જરૂરી વૈધાનિક ફોર્મ વેપારીઓને આપવામાં આવે તેવી તેમની રજુઆત છે.

૩. વેપારીઓએ એવી પણ રજુઆત કરેલ છે કે નાણાંકીય વર્ષના છેલ્લા દિવસોમાં ખરીદાયેલ વસ્તુઓ ટ્રાન્ઝીટમાં હોવાના કારણે તેમના હિસાબોમાં એપ્રિલમાં લેવામાં આવે છે. પરંતુ આ ખરીદીઓના વ્યવહારોમાં ઇન્વૉઇસની તારીખ પાછલા નાણાંકીય વર્ષની હોઇ વેચનાર વેપારીઓને પાછલા નાણાંકીય વર્ષના ફોર્મ જરૂરી

બને છે. આવી પરિસ્થિતિમાં જે વ્યવહારોમાં ખરીદી નાણાંકીય વર્ષ પુરૂં થતાં પહેલાં થયેલ છે, પરંતુ વેપારીના હિસાબોમાં આવા વ્યવહારો નવા નાણાંકીય વર્ષમાં નોંધવામાં આવેલ હોય તો તેવા વ્યવહારો માટે ફોર્મ જુદી રીતે આપવા જોઇએ, તેવી માંગણી છે.

૪. ઉપર મુજબની રજુઆતો તેમજ અગાઉની પરિપત્રિત સૂચનાઓ ધ્યાને લેતાં વૈધાનિક ફોર્મ મેળવવા માટે નીચે પ્રમાણેની વધારાની સૂચનાઓ બહાર પાડવામાં આવે છે. આ સૂચનાઓ ફકત વધારાના ફોર્મ મેળવવા માટે અથવા ઉપરના પેરા-૩ માંદર્શાવ્યા મુજબ નાણાંકીય વર્ષની અંતના વ્યવહારો માટે લાગુ પડશે.

૧) વેપારીઓએ રહી ગયેલ વ્યવહારો માટે દરેક ત્રિમાસ દીઠ જુદી રીતે વિગત આપવાની રહેશે.

૨) આ હેતુસર પરિશિષ્ટમાં જણાવ્યા મુજબના પ્રફોર્મામાં વિગતો ભરી વેબસાઇટ ઉપર અપલોડ કરવાની રહેશે. આ અંગેનું ટેમ્પલેટ સીધી રીતે ડીલર લોગ-ઇન (Login) થકી વેબસાઇટ ઉપરથી ડાઉનલોડ (download) કરી શકાશે.

૩) આ ટેમ્પલેટમાં દર્શાવ્યા મુજબની વિગતો ભરી વેપારીઓએ આ ટેમ્પલેટ રીટર્નની જેમ જ તેમના લોગ-ઇન (Login) મારફતે અપલોડ (upload) કરવાનો રહેશે. એક ત્રિમાસ માટે આ સગવડ ફકત એકજ વખત ઉપલબ્ધ થશે અર્થાત વધારાના ફોર્મ માટે એકજ વખત માંગણી કરી શકાશે તેની ખાસ કાળજી વેપારીઓએ લેવાની રહેશે.

૪) આ ટેમ્પલેટમાં અગાઉ રીટર્ન સાથે સમાવિષ્ટ કરેલા હોય તેવા વ્યવહારોને ફરીથી લઇ શકાશે નહિ.

૫) આમ વેપારીઓએ ટેમ્પલેટ અપલોડ (upload) કર્યેથી વિગત મુજબના ફોર્મ અત્યારની પદ્ધતિ પ્રમાણે જ તેમના ધંધાના સ્થળે મોકલી આપવામાં આવશે.

૬) આ વધારાના ફોર્મ મેળવવા માટે વેપારીઓએ અગાઉ જે તે ત્રિમાસ માટે ફોર્મ મેળવેલ હોવા જોઇએ અથવા તો તે ડીલરની તે ત્રિમાસ માટેની ટાસ્ક રીજેકટ થયેલી હોવી જોઇએ, જો વેપારીએ કોઇ ત્રિમાસમાં કોઇ ફોર્મની માંગણી કરેલ નહીં હોય તો તેમને આ બાબત લાગુ પડશે નહીં.

૭) આ ટેમ્પલેટમાં સમાવેશ કરેલા હોય તેવા વ્યવહારોનો, તે પછીના કવાર્ટરમાં ફરીથી સમાવેશ કરવો નહીં.

૮) પેરા-૩ માં ઉલ્લેખિત વ્યવહારો માટે ફોર્મ મેળવવા માટે ઉપર મુજબની પદ્ધતિ જ અપનાવવાની રહેશે. પરંતુ આવા કિસ્સાઓમાં ટેમ્પલેટમાં દર્શાવવાની તારીખમાં નોશનલ તા.૩૧.૩.૨૦૦૯ દર્શાવવાની રહેશે.

૯)	આમ નાણાંકીય વર્ષના અંતે જે વ્યવહારો માટે પેરા-૩ મુજબ જુદી રીતે ફોર્મ મેળવવામાં આવેલ છે, તેવા વ્યવહારોનો સમાવેશ નવા વર્ષના રીટર્ન સાથેના ખરીદી-વેચાણની વિગતોમાં કરવાનો રહેશે નહીં.

આ સગવડ વેપારીઓની રજુઆતને ધ્યાને રાખી ઉભી કરવામાં આવેલ હોઇ મર્યાદિત સમય સુધી ચાલુ રાખવાનો નિર્ણય કરવામાં આવેલ છે જેથી વેપારીઓ આ અંગે તેમની વિગતો સાથેના ટેમ્પલેટ તા.૩૦.૬.૨૦૦૯ સુધીમાં અપલોડ કરી શકશે અને તેના પછી આ સગવડ બંધ કરવામાં આવશે તેની નોંધ લેવા વિનંતી છે.

સહી/-
(પી.કે.પૂજારી)
વાણિજ્યિક વેરા કમિશનર
ગુજરાત રાજ્ય, અમદાવાદ


બીડાણઃ પરિશિષ્ટ

નકલ સવિનય રવાના : (માર્ગદર્શન તથા જરૂરી કાર્યવાહી સારૂ)

૧. અધિક સચિવશ્રી (કર),નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગરને બે નકલમાં
૨. વાણિજ્યિક વેરા કમિશનરશ્રીના રહસ્ય સચિવશ્રી,ગુ.રા.,અમદાવાદ
૩. ખાસ વાણિજ્યિક વેરા કમિશનરશ્રીના રહસ્ય સચિવશ્રી ગુ.રા.,અમદાવાદ
૪. અધિક વાણિજ્યિક વેરા કમિશનરશ્રીના અંગત મદદનીશશ્રી,ગુ.રા.,અમદાવાદ
૫. સઘળા અધિક વાણિજ્યિક વેરા કમિશનરશ્રી,ગુ.રા., અમદાવાદ
૬. સઘળા સંયુકત વાણિજ્યિક વેરા કમિશનરશ્રી, ગુ.રા.,અમદાવાદ
૭. સઘળા નાયબ વાણિજ્યિક વેરા કમિશનરશ્રી, ગુ.રા., અમદાવાદ
૮. સઘળા સહાયક વાણિજ્યિક વેરા કમિશનરશ્રી, ગુ.રા., અમદાવાદ
૯. સઘળા વાણિજ્યિક વેરા અધિકારીશ્રી, ગુ..રા.,અમદાવાદ
૧૦. આ કચેરીની સઘળી શાખાઓ તરફ
૧૧. ૧૦ નકલ મહાપાત્ર તાલીમ શાખાને
૧૨. ૧૦ નકલ દફતર શાખાને
૧૩. ૧૦ નકલ જનસંપર્ક શાખાને
૧૪. એકાઉન્ટ જનરલ અમદાવાદ તરફ
૧૫. ઇ-ગવર્નન્સ સેલને વેબસાઇટ પર મૂકવા અર્થે
૧૬. સઘળા નોંધાયેલ એસોસીએશન તરફ
(ઉપરોકત બાબત આપના મંડળના સભાસદોના ધ્યાન પર લાવી આભારી કરશોજી)

સહી/-

( એન.સી.અંધારીયા )
સંયુકત વાણિજ્યિક વેરા કમિશનર (કાયદા)
ગુજરાત રાજ્ય, અમદાવાદ


Microsoft Excel - cst 3b purchase
File Edit View Insert Format Tools Data Window Help
Type a question for help
Arial
10
B3
PURCHASE DETAILS
Invoice No.*
Invoice Date* (dd/mm/yyyy or dd-mon-yyyy)
Seller Tin No.*
Seller Name*
State*
Goods With HSN
Value Of Goods*
Tax
Total*
Form Type*
Sheet1
Sheet2
Sheet3
Ready
NUM
start
Commercial Tax - ...
Index - Microsoft ...
CIR-CST- C FORM...
PRAKASH (I:)
Microsoft Excel - c...
EN
5:23 PM